## પ્રકરણ ૨

# રાગ અને વિરાગની વચ્ચે

## પ્રકરણ - ૨

## રાગ અને વિરાગની વચ્ચે

વિદ્યોપાસન કાજ મન્દિર વિશે, પોતે ધરી પ્રીતિને,
હોમ્યાં ચિત્ત સુવિત્ત, દેહ અણીએ! છે ધન્ય એ ભક્તિને!

o o o

છે ચક્ષુ પરિપૂર્ણ અશ્રુભરીઆં, સાલે સ્થિતિ દુઃખદા,
શી રીતે વરણાય આ કલમથી. હા! હા! અનિવાર્યતા.

— 'પિતૃ વિરહ' – "દીવાને સાગર" દ.૧.પૃ.૨૧

શ્રી. જગન્નાથે એમના પિતાનો માત્ર પિસ્તાળીસ વર્ષની ઉમરે અકાલ દેહાન્ત થતાં અશ્રુભીનાં નયનોએ ખૂબ ભાવપૂર્વક 'પિતૃવિરહ વિલાપ' દ્વારા એમને અંજલિ આપી.

એમના બે નાના ભાઈઓને શિક્ષણ અપાવવાની, પોણોસો વર્ષના વૃધ્ધ પિતામહની સંભાળ રાખવાની અને સેવા કરવાની, એમની માતાની નોકરી ચાલુ રખાવવાની તથા ચિત્રાલ ( તા: પાદરા)માં આવેલી જમીનની વ્યવસ્થા કરવા અંગેની– એમ વિવિધ પ્રકારની જવાબદારી "જનસેવા હિતાર્થે નિજ પ્રાણનું બલિદાન અર્પનાર" કર્મયોગી જીવાત્માના દેહાન્તને કારણે ગૃહસ્થાશ્રમના ઉંબરે પગ મૂકનાર યુવાન શ્રી. જગન્નાથ ઉપર આવી પડતાં[1] એમના ચિત્તતંત્ર ઉપર કેવા સંવેદનો થયાં હશે એનું સ્પષ્ટ ચિત્ર ઉપરની પંક્તિઓ દ્વારા દોરાયું છે.

દંપતી શ્રી. દામોદરદાસ તથા રુક્ષ્મણીબેનના જંબુસર (જિ.ભરૂચ) માંના નિવાસ દરમ્યાન જંબુસરમાં (જિ.ભરૂચ) ઇ.સ. ૧૮૮૩ ના ફેબ્રુઆરીની

...........

૧"સાગર'જીની પત્રરેખા", પૃ. ૫૨૩.

સાતમી તારીખે એમને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ હતી, એ આપણે જોઇ ગયા છીએ. શ્રી. દામોદરદાસના મિત્ર શ્રી. લલ્લુભાઇ બાપુરામે ની સૂચનાથી એમનું નામ જગન્નાથ પાડવામાં આવ્યું.[2]

ઇ.સ. ૧૮૮૪-૯૧ દરમિયાન શ્રી. દામોદરદાસ કુમારશાળામાં મુખ્ય શિક્ષક હોવાને કારણે શ્રી જગન્નાથની પ્રાથમિક કેળવણીનો પ્રારમ્ભ ધોલેરા — (જિ. અમદાવાદ)માં ઇ.સ. ૧૮૮૭-૮૮માં થયો હતો.[3] પ્રાથમિક ચાર ધોરણોની શ્રી. જગન્નાથની કેળવણી બાદ શ્રી. દામોદરદાસની કપડવંજ બદલી થતાં ઇ.સ. ૧૮૯૧-૯૪ દરમિયાન બાકીની પ્રાથમિક કેળવણી એમણે કપડવંજમાં પ્રાપ્ત કરી હતી.[4] ઇ.સ. ૧૮૯૪ના મે માસમાં એમની બદલી ધોળકા થતાં ધોળકાની અંગ્રેજી સ્કૂલમાં શ્રી. જગન્નાથની માધ્યમિક કેળવણીનો પ્રારંભ થયેલો. બાલ્યકાળમાં જ અરેબિયન નાઇટ્સની વાર્તાઓ વાંચવામાં શ્રી. જગન્નાથને ખૂબ રસ પડતો.[5] ધોળકાની અંગ્રેજી સ્કૂલના શિક્ષક શ્રી. ગિરિધરલાલ બાપાલાલ લાખિયાના "ચાર્જ"માં શ્રી. જગન્નાથને મૂકવામાં આવ્યા. તે સમયે શ્રી ગિરધરલાલ લાખિયા દ્વારા "રોમિયો-જુલિયેટ" "કેથેરાઇન ધિ શ્રુ" અને "પેટ્રુશિયો" તથા "ઇલિયડ"ના "એકેલિસ" અને "એપોલો"ના સંસ્કારો એમના હૃદય ઉપર પડયા હતા.[6] પ્રારંભથી જ શ્રી. જગન્નાથની શૈક્ષણિક પ્રગતિનો રેકર્ડ બહુ સારો તો નહોતો જ.[7] શ્રી. જગન્નાથે ઇ.સ. ૧૮૯૪-૯૭નાં ત્રણ વરસ દરમિયાન માધ્યમિક કેળવણી ધોળકાની અંગ્રેજી સ્કૂલમાંથી જ પ્રાપ્ત કરી[8].

તે સમયે શ્રી. દામોદરદાસે કુમારશાળાના હેડમાસ્તર તરીકે પ્રાપ્ત કરેલા માન અને કીર્તિને કારણે ત્યાંના જાણીતા આગેવાનો શ્રી. સીતારામ ગોરે

...........

[2] એજન, પૃ. પ૨૨

[3] "સાગર" ની જીવનનોંધ - "સાગર જીવન અને કવન", પૃ. ૪૬૨

[4] એજન, પૃ. પ૨૨

[5] વ્યકિતઓ અને વિશિષ્ટ ગ્રંથોની પોતાના પર પડેલી અસર અંગેનો અપ્રસિધ્ધ નકશો

[6] "સાગર"ની પત્રરેખા", પૃ. ૭૫

[7] એજન, પૃ. ૭૫ [8] "સાગર"ની જીવનનોંધ" "સાગર" જીવન અને કવન", પૃ. ૪૬૨

રાવસાહેબ ચુનીલાલ વકીલ, ડૉ. બાબુરાવ, ડૉ. બાંકે બિહારી અને મામલતદારો શ્રી. જમનાદાસ, શ્રી. બાલમુકુન્દદાસ, શ્રી. જમીયેતરામ જોકાગર તથા ત્યાંની હાઇસ્કૂલના લોકપ્રિય શિક્ષકો શ્રી. ગિરિધરલાલ લાખિયા અને શ્રી. પૂજાભાઇ સોમેશ્વર ભટ્ટ જેવી અનેક વ્યક્તિઓ સાથે એમણે ગાઢ સંબંધ કેળવ્યો હતો.[9]

ઇ.સ. ૧૮૯૫ માં માત્ર બાર વર્ષની વયે દસક્રોઇ તાલુકાના ગામડીમાં શ્રી. કાશીરામ દેવરામ દીક્ષિતનાં દીકરી ભાગીરથી સાથે એમનું લગ્ન કરવામાં આવ્યું હતું.[10] લગ્નના સંસ્કારો બાર વર્ષની કુમળી વયના શ્રી. જગન્નાથના સ્મરણપટ પર રહેશે કે કેમ એનો વિચાર પણ જમાનાની પ્રથા અનુસાર શ્રી. દામોદરદાસને નહીં આવ્યો હોય અને એટલે જ લગ્નમાં જ પોતાના પુત્રનું શ્રેય માનનાર શ્રી. દામોદરદાસે એમનું લગ્ન કરી એમના પ્રત્યેની ફરજ અદા કર્યાનો સંતોષ અનુભવ્યો!

ઇ.સ. ૧૮૯૭-૯૮માં અભ્યાસકાલના છેલ્લા વર્ષ દરમિયાન એમને અમદાવાદની ગવર્મેન્ટ હાઇસ્કૂલમાં અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં મૂકવામાં આવ્યા.[11] તે સમયે એમના વર્ગશિક્ષક તરીકે શ્રી. અચરતલાલ સૈયદ હતા. સાહિત્યના વિશિષ્ટ અભ્યાસને કારણે લોકપ્રિય બનેલા આ શિક્ષક વિદ્યાર્થીઓમાં તો

............

[9] "સાગરની પત્રરેખા", પૃ. ૭૪-૭૫

[10] એજન, પૃ. ૨૪૦

[11] "'સાગર' જીવન અને કવન", પૃ. ૪૬૨

"અચા સાહેબ"ને નામે જ જાણીતા હતા. તે સમયે એદલજી સોરાબજી તલાટી નામના પારસી સદગૃહસ્થ ગવર્મેન્ટ હાઇસ્કૂલના હેડ માસ્તર તરીકે કાર્ય કરતા.[12] શ્રી. જગન્નાથની સાહિત્ય પ્રત્યેની રસવૃત્તિને કારણે શ્રી. અચરતલાલે પણ એમને સાહિત્યનો સંસ્કાર આપવાનું – અભ્યાસ કરાવવાનું ચાલુ રાખ્યું. પરિણામે શ્રી. ગિરિધરલાલ લાખિયા અને શ્રી. અચરતલાલ સૈયદ દ્વારા એમને પ્રાપ્ત થયેલા સાહિત્ય અભ્યાસને કારણે એમની વૃત્તિ સાહિત્યના વાંચન પ્રત્યે દિનપ્રતિદિન વૃદ્ધિંગત થવા માંડી, અને આ રીતે પિતા તરફથી વારસામાં પ્રાપ્ત થયેલી સાહિત્ય પ્રત્યેની અભિરુચિને પોષણ મળવા લાગ્યું. એક દિવસ હાઇસ્કૂલ તરફથી પોતાના વિદ્યાર્થીઓ માટે એક પાદપૂર્તિ હરીફાઇની આયોજના કરવામાં આવી. પંદર વર્ષના જગન્નાથને આ હરીફાઇમાં સ્વાભાવિક રીતે જ ભાગ લેવાનું મન થયું. પાદપૂર્તિની પંકિત હતી; "દાઝયા ઉપર ડામ". આ પાદપૂર્તિ હરીફાઇનું પરિણામ જાહેર થતાં પ્રથમ ઇનામ શ્રી. જગન્નાથને આપવામાં આવ્યું.[13] ઇનામ-સમારંભને દિને આ જ વર્ષમાં ઇ.સ. ૧૮૯૮માં સાહિત્ય પ્રત્યેની એમની આ અભિરુચિને પરિણામે એમને કવિ દલપતરામ સાથે પરિચય થયો.[14]

એક તરફ સાહિત્યના અભ્યાસમાં એમને સવિશેષ રસ પડવા માંડયો તો બીજી તરફ ગણિત જેવો વિષય એમને કંટાળાજનક અને અરસિક લાગતો હતો. ગણિતના "પિરિયડ" માં તો તે મોટે ભાગે કવિતાઓ વાંચવાનું કે લખવાનું જ કાર્ય કરતા.[15] હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી

...........

[12]એજન, પૃ. ૮

[13]એજન, પૃ. ૮

[14]'સાગર'નો નકશો-અપ્રસિધ્ધ

[15]'સાગર'ના સહાધ્યાયી શ્રી. ચુનીલાલ મૂ. ત્રિપાઠીની મુલાકાતને આધારે

ભાષા પ્રત્યેના રસ અને પ્રભુત્વને કારણે ઇ.સ. ૧૮૯૮માં અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં પાસ થઇ શ્રી. જગન્નાથે મેટ્રિકના વર્ગમાં પ્રવેશ મેળવ્યો. ગણિત પ્રત્યેની બેદરકારી અને કંટાળો મેટ્રિકના વર્ગમાં પણ ચાલુ રહ્યાં. એક દિવસ ગણિતના વિષયનું ગૃહકાર્ય ન લાવતાં ગણિતશિક્ષકે એમને ચીમકી આપી. તે સમયની અંગ્રેજી શાળાના શિક્ષકોના માનસ પ્રમાણે ગણિતશિક્ષકે વર્ગમાં શ્રી. જગન્નાથને ખૂબ ધમકાવ્યા અને કહ્યું કે: "જો જગન્નાથ! કાલે તું બધા દાખલા બરાબર નહીં ગણી લાવે તો હું તને "દૂધપાકપૂરી" આપીશ. શ્રી. જગન્નાથે પોતાના સ્વમાની સ્વભાવને કારણે "એ દિવસ એમના જીવનમાં ફરી ઉગે જ નહિ" એવું કરવાનો દૃઢ નિર્ણય કરી એ દિવસે શાળા છોડતા પહેલાં ખૂબ વિચાર અને ગડમથલને અંતે નક્કી કર્યું કે "ફરી શાળામાં જવું જ નહીં!" "દૂધપાકપૂરી" ખાય તો જગન્નાથ, જગન્નાથ શાનો?[૧૬] આ નાનકડા પ્રસંગે એમના જીવનમાં અણધાર્યો પલટો આણ્યો. શાળામાં ફરી નહીં જવાના નિશ્ચયની પિતાને જાણ થતાં એ નિશ્ચયમાંથી એમને ચળાવવાના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, શિખામણ આપવામાં આવી પણ બધું જ વ્યર્થ ગયું. મેટ્રિકના વર્ગમાંથી પરીક્ષા આપ્યા વિના અધવચ્ચે જ એમણે સોળમા વર્ષે ઇ.સ. ૧૮૯૮માં જ કાયમને માટે શાળા છોડી દીધી.[૧૭]

ઇશ્વર પ્રત્યેની દૃઢભકિત, શ્રધ્ધા અને પરોપકારયુકત શુધ્ધ નીતિમય જીવનના પ્રાર્થનાસમાજના શ્રી. દામોદરદાસના સંસર્ગ દ્વારા શ્રી. જગન્નાથને પ્રાપ્ત થયેલા એ સંસ્કારોને હવે આ રીતે અભ્યાસ પણ બંધ થતાં વિકસવાની પૂર્ણ તક મળી.

...........

[૧૬] "સાગર" ના પુત્ર ડૉ. યોગીન્દ્ર જ. ત્રિપાઠીની મુલાકાતને આધારે

[૧૭] "સાગર" ની જીવનનોંધ, પૃ. ૪૬૨.

MEHTA ... LIBRARY

નિશાળ છોડયા પછી શ્રી. જગન્નાથે પોતાના વતન સરખેજમાં જ સાહિત્યના અભ્યાસમાં જ કાલ વ્યતીત કરવાનું મનોમન નકકી કર્યું. પરિણામે ઇ.સ. ૧૮૯૮માં જ ગુલાબસિંહ, સરસ્વતીચન્દ્ર અને સ્નેહમુદ્રાનો એમણે અભ્યાસ કર્યો.[૧૮]

સાહિત્યના અભ્યાસની સાથે જ સરખેજના તે સમયના હરિજન ભક્તાનુરાગી રણછોડ ભગતના સંપર્ક અને સહવાસે તેમને સાધુસત્સંગ અને સેવાનો રંગ પણ લગાડયો. પરિણામે સાહિત્યપ્રીતિની સાથે સાધુ સંતોની સેવાએ પણ ધીમે ધીમે યુવાન શ્રી. જગન્નાથના હ્રદય પર કબજો જમાવ્યો.[૧૯] આ રીતે એક વર્ષ વ્યતીત થઇ ગયું.

ઇ.સ. ૧૮૯૯માં એમના પિતાની બદલી સરખેજ થઇ. ઐહિક દ્રષ્ટિએ નિરર્થક જીવન ગુજારતા શ્રી. જગન્નાથને એમના પિતાએ કોઇ નોકરી કે ધનપ્રાપ્તિ અંગે કોઇક વ્યવસાય કરવા સૂચન કર્યું. શ્રી દામોદરદાસે પોતાના મિત્ર અને તે સમયના અમદાવાદના આસિ. એન્જીનીયર શ્રી. એ.બી. ડીસોઝાને નોકરી અંગે મળવા માટે શ્રી. જગન્નાથને સલાહ આપી અને ભલામણ કરી. ઇ.સ. ૧૯૮૮ના ફેબ્રુઆરી માસના પ્રારંભમાં જ શ્રી. ડીસોઝાને મળવા માટે શ્રી. જગન્નાથે મુલાકાતનો સમય માગી લીધો. મુલાકાત સમયે શ્રી. ડીસોઝાએ પોતાના મિત્રપુત્રને અંગ્રેજીમાં સહી કરવાનું જણાવ્યું. સુંદર મરોડદાર હસ્તાક્ષર જોઇને જ એમને આનંદ થયો અને પોતાના અંગત સેક્રેટરી તરીકે એમને તે જ દિવસે નોકરી પર હાજર થવા જણાવ્યું.[૨૦] મનસ્વી સ્વતંત્ર મિજાજી છતાં દ્રઢ, આત્મવિશ્વાસુ યુવાન શ્રી. જગન્નાથે એમના ઉપર કોઇપણ પ્રકારનું આધિપત્ય નહીં લાદવામાં

...........

૧૮ "સાગર"નો નકશો- અપ્રસિધ્ધ તથા "સાગર"ની ડાયરી- અપ્રસિધ્ધ તથા "સાગર" જીવન અને કવન", પૃ. ૯

૧૯ શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠીની મુલાકાતને આધારે, તેમ જ "સાગર" જીવન અને કવન", પૃ.૯

૨૦ ""સાગર" જીવન અને કવન", પૃ.૧૦

આવે એ શરતે નોકરી સ્વીકારી. ઇજનેર સાહેબના અંગત સેક્રેટરી તરીકેની આ નોકરી એમને ભારે પડી. અમદાવાદથી ધોળકા અને બીજાં નાનાં ગામડાંમાં જવા માટે ઊંટ ઉપર મુસાફરી કરવી પડતી.

એમનો મૂળથી જ સ્વતંત્ર સ્વભાવ હોવાને કારણે અને એમાંયે આવી મુશ્કેલ નોકરી હોવાને કારણે માત્ર બાવીસ દિવસની નોકરી કરીને એને પણ એમણે અભ્યાસની માફક કાયમને માટે તિલાંજલિ આપી. તેજ સમયે એમણે દૃઢપણે નકકી કર્યું કે "જીવનમાં પરમાત્મા વિના અન્ય કોઇ વ્યકિતનું આધિપત્ય હું નહીં સ્વીકારું".

આ નિશ્ચય હતો સ્વતંત્ર મિજાજી, સ્વમાની આત્મવિશ્વાસુ, સત્તર વર્ષના યુવાનનો.

શ્રી. દામોદરદાસને તે સમયે પોતાના જ્યેષ્ઠ પુત્રના આવા વર્તનથી લાગ્યું કે હવે નોકરીની બાબતમાં વધારે રોકટોક કરવાથી કશો જ અર્થ સરે એમ નથી. જવાબદારીઓ વધતી જશે એટલે આપોઆપ એની મેળે બધું જ ઠેકાણે પડી જશે, એમ માનીને એમને જેમ યોગ્ય લાગે તેમ વર્તવાની છૂટ આપી.

શ્રી. જગન્નાથ તો આ જ ઘડીની રાહ જોતા હતા. સાહિત્યનો અભ્યાસ કરવાની અને સાધુસન્તોનો સત્સંગ કરવાની પ્રવૃત્તિ જ હવે એમની મુખ્ય અને એકમાત્ર પ્રવૃત્તિ બની. એમની આ પ્રવૃત્તિઓમાં હવે કોઇ ડખલગીરી કરે એમ નહોતું. એટલે એ પછીનાં વર્ષોમાં આ બન્ને પ્રવૃત્તિઓને વિકસાવવાના એમના પ્રયત્નો શ્રી. જગન્નાથે અવિરતપણે ચાલુ રાખ્યા. આમ, જીવનનું વહેણ એકાએક બદલાયું. જીવનના વહેણનું આકસ્મિક પરિવર્તન થતાં શ્રી. જગન્નાથે પોતાના જીવનને નવો વળાંક આપ્યો. એ માર્ગે એકાદ વર્ષ આ રીતે પસાર થયા પછી આપણે ઇ.સ. ૧૯૦૧ના વર્ષમાં પ્રવેશ કરીએ છીએ.

જીવનની બે મુખ્ય પ્રવૃત્તિઓ સાથે શ્રી. જગન્નાથને ચિન્રાલ ( તા: પાદરા) - માં આવેલી વડીલોપાર્જિત જમીનનો વહીવટ કરવાનું અને જમીનના દાણનાં નાણાં ઉઘરાવવાનું એકમાત્ર કાર્ય પિતા દ્વારા સોંપવામાં આવતાં, ચિન્રાલ અને સરખેજ એમ બે સ્થળોએ થોડા થોડા દિવસો રહેવાનું એમણે નકકી કર્યું.

ઇ.સ. ૧૯૦૧માં સરખેજમાં આવી ચઢેલા સ્વામી રામાનંદ નામે એક સંત સાથે અઢાર વર્ષના આ યુવાનને મુલાકાત થઇ.[૨૧] એમની પ્રતિભાથી અંજાઇ જઇને શ્રી. જગન્નાથે એમની તન અને મનથી સેવા કરી. ઘણો ખરો સમય એ એમની સેવામાં જ રોકાતા. આવા યુવાનને સાચો રાહ દર્શાવવામાં આવે તો એમાંથી જ એક ભકત હૃદયનો વિકાસ થઇ શકે એમ લાગવાથી પોતાની અથાગ સેવાના ફલ રૂપે જતાં જતાં સ્વામી રામાનન્દજીએ શ્રી. જગન્નાથને પોતાની પાસેથી ૧/૮ સાઇઝની એક નોટબુક આપી. પ્રારંભમાં એનું પૂજન અને પછી અભ્યાસ કરવાની સૂચના કરી, પોતાના આશીર્વાદ આપી તેમણે વિદાય લીધી. અધ્યાત્મમાર્ગમાં ઉપયોગી તત્ત્વચિંતન આ નોટબુકમાં સંગ્રહાયેલું હતું. એમાં મુખ્યત્વે "આત્મસિધ્ધિશાસ્ત્ર", શ્રી. તુલસીદાસજી ઉપર મીરાંનો પત્ર, કેટલાંક સંસ્કૃત નીતિબોધક શ્લોકો, નરસિંહ - મીરાંનાં ભજનો, ઉર્દૂમાં લખેલો કાફર બોધ અને શ્રી. સહજાનંદજીનાં વચનામૃત ઇત્યાદિનો સમાવેશ થયો હતો.[૨૨]

શ્રી. જગન્નાથનું લાગણીશીલ હૃદય સ્વામી રામાનંદ સાથેના સત્સંગને પરિણામે સ્પષ્ટ જોઇ શકયું કે આ જગતમાં પ્રભુ વિના કોઇ સાચું સંબંધી નથી. જગતનો પ્રેમ માયિક છે. જગતની રૂઢિને અનુસરવામાં આવે તો જ જગત પ્રેમથી સત્કાર કરે એવી નીતિ ઉપર વ્યવહારો રચાયેલા છે. આ બધો જૂઠો દંભ છે.

...........

૨૧ એજન, પૃ. ૧૦

૨૨ એજન, પૃ. ૧૧૦-૧૧૧.

અને જગતના વ્યવહારોમાં વિશ્વાસ રાખી શકાય એમ નથી, એટલે જગતનો ત્યાગ કરવો એ જ મુનાસિબ છે. માત્ર અઢાર વર્ષની વયે ઇ.સ. ૧૯૦૧ના નવેમ્બરની ચોથી તારીખે આ તરુણ હૃદયે પોતાના આવા દૃઢ "ઉદ્ગાર" ગઝલ દ્વારા જગત સમક્ષ રજૂ કર્યા.

ચ્હડયું આ ચિત્ત ચકડોળે! ખરો કૈં માર્ગ ખોળે છે!
અને ઉરવૃત્તિઓ મ્હારી, બધીયે ત્યાગ બોલે છે.

દફતર-૧, "દીવાને સાગર", પૃ.૧૯ "ઉદ્ગાર"

પોતાના પિતાની, જનસેવાનાં પરોપકરી કાર્ય અંગેની સરખેજની તે સમયની વિવિધ પ્રવૃત્તિઓ અને પોતાના જીવનના આદર્શ અંગે વિચારભેદને પરિણામે લગ્નજીવનમાંથી પણ તેમને સંતોષ પ્રાપ્ત થયો નહિ, પરિણામે તેમના હૃદયમાં જાગેલી જગત પ્રત્યેની ઉદાસીનતા અને ત્યાગની પ્રબળ લાગણી – આ બન્ને વચ્ચે શ્રી. જગન્નાથનું ~~ચિત્તતંત્ર~~ ચિત્તતંત્ર કશું નકકી કરી શકયું નહીં.

સાધુસત્સંગ અને સાહિત્યવાંચનની પ્રવૃત્તિ મોટેભાગે દિવસે ચાલતી અને રાત્રે તો સાહિત્યમાં રસ ધરાવતા એમના મિત્રોની મોડી રાત સુધીની મિજલસ અને કાવ્યવાંચન ચાલતું.

સુધારક તરીકે શ્રી. દામોદરદાસે ઇ.સ. ૧૯૦૧ના ઑકટોબરની ચોથી તારીખે હાઇસ્કૂલના કાર્ય અંગે આવેલી ગામની કેટલીક વ્યકિતઓની હાજરીમાં શ્રી. જગન્નાથને "જોગી સંન્યાસી" માટે પેપરમાં લખેલા લેખ અંગે ઠપકો આપ્યો. પેપરમાં આવા લેખ ન લખવાની[૨૩] આજ્ઞા કરી. શ્રી. જગન્નાથને પોતાના દૈનિક વિચારોની નોંધ રાખવાની ટેવ હતી. પોતાના પિતાએ બીજી વ્યકિતઓની હાજરીમાં આપેલો ઠપકો આ સ્વમાની યુવાન

...........

[૨૩] શ્રી. ચુનીલાલ મૂ. ત્રિપાઠી તથા શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠી – ની મુલાકાતને આધારે

હૃદયને યોગ્ય લાગ્યો નહીં. પરિણામે તાત્કાલિક નિર્ણય લેવાયો. પિતાના સૂવાના ઓરડામાં ચૂપચાપ બપોરે પોતાના વિચારોની ડાયરી જોવા માટે મૂકી આવવી. સાથે બે પત્રો હતા. એમાંનો એક પત્ર આ પ્રમાણે હતો.

૪ ૧૦/૦૧ જ.દા.ત્રિ. ત્વરિત ગતિ

૧. મારી પ્રતિજ્ઞાથી વાકેફ થવું.
૨. ડાયરી પાછી મોકલવી
૩. મારી પ્રથમની ઇચ્છાઓ જાણવા સંબંધી
૪. હાલની ઇચ્છાઓ જાણવી.
૫. વિચારો ડાયરીમાંથી જાણવા
૬. ઉત્તર લખી મોકલવો જેને માટે જગન્નાથ સૂર્યાસ્ત સમય સુધી રાહ જોશે.

અકલ કો ઇશારા બસ હૈ—
પૂર્ણ થશે કે?

તા.ક. ઉત્તરની અપેક્ષા છે.
લિ. જ.દા.ત્રિ.

પોતાના પુત્ર શ્રી. જગન્નાથના વિચારો ડાયરીમાંથી જોયા બાદ શ્રી. દામોદરદાસને શ્રી. જગન્નાથ પ્રત્યે ખૂબ જ માન ઉપજ્યું. મહાન સંસ્કારી હૃદયમાં બાલ્યકાળમાં રહેલું ઓજસ્ પરખતાં એમને વાર ન લાગી. એમણે પોતાના પુત્રની ધમાલિયા પ્રવૃત્તિ પાછળની ભાવના અને આદર્શ જોઇ આત્મસંતોષ અનુભવ્યો અને એનો ટૂંકો જવાબ પણ એમને તરત જ લખી મોકલ્યો.[૨૪]

...........

[૨૪] શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠીની મુલાકાતને આધારે.

પ્રિય ભાઇ,

તારા બંને કાગળો વાંચ્યા. મારી શકિત નરમ હોવાને લીધે ડાયરી તો સહેજ જોઇ છે કેમકે એટલું બધું લાંબું વાંચી શકું એટલી તાકાદ મારામાં હમણાં નથી. મારા કહેવાથી લગાર પણ ખોટું લગાડીશ નહીં. વાત ખરી છે કે અન્ય જનોના વચમાં નહોતું કહેવું, પણ મારી પ્રકૃતિ નરમ હતી, તેને લીધે એમ થયું છે. તે તમારે લક્ષ્યમાં ન લેવું.

તારા વિચારો બહુ જ ઊંચા અને સ્તુત્ય છે, અને બાળક અવસ્થામાં આવા છે તો ભવિષ્યમાં ભગવાન કરશે તો બહુ જ ઉત્તમ ફળદ્રુપ થશે એવી મને ખાત્રી છે. પેપરમાં ન લખવાની મારી આજ્ઞા માની તે નીમ કર્યો એ જાણી મને બેહદ આનંદ થયો છે. નાદુરસ્ત તબિયતને લીધે વધારે લખી શકતો નથી. એકાન્તે રૂબરૂમાં મને આજે કે સવારે મળજે. ડાયરી પાછી મોકલી છે –

શુભેચ્છક દા. ના આશીષ.

આ પ્રસંગ બાદ ઇ.સ. ૧૯૦૧ પછી શ્રી. જગન્નાથની સર્વ પ્રવૃત્તિઓમાં પિતા તરફથી પણ સંપૂર્ણ સહાનુભૂતિ પ્રાપ્ત થઇ. ઇ.સ. ૧૯૦૨ના વર્ષ દરમિયાન ગુજરાતના સાક્ષરો શ્રી. મણિલાલ ન. દ્વિવેદી અને શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠીના ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ એ એમની એકમાત્ર પ્રવૃત્તિ હતી.[૨૫]

...........

[૨૫] "સાગર"નો નકશો – અપ્રસિધ્ધ.

આ સમયે એમની જમીનના વહીવટ માટે તે ઘણું ખરું ચિત્રાલ (તા:પાદરા) માં જ નિવાસ કરતા.

ઇ.સ. ૧૯૦૩નું વર્ષ એમના જીવનમાં થયેલા ક્રાન્તિકારક પરિવર્તન માટે ઘણે અંશે જવાબદાર છે. આ વર્ષમાં "જૈન હિતેચ્છુ" અને "વૈશ્યપત્રિકા" જેવાં માસિકોમાં પ્રસિધ્ધ થયેલા "વેશ્યા અને મદિરા" તથા "ફળોનો સંવાદ" જેવા પ્રારંભિક કાળના તેમજ મરાઠીમાંથી અનુવાદ કરેલાં બુધ્ધિપ્રકાશમાં પ્રસિધ્ધ થયેલાં "હાલરડું" અને "માતૃચરણનમન" જેવાં અનુવાદિત કાવ્યો, તથા એમના વિચારોની અનિયમિત નોંધ-ડાયરી અને બુધ્ધિપ્રકાશમાં આ વર્ષે પ્રગટ થયેલા ગદ્યલેખો શ્રી. જગન્નાથની સાહિત્યસાધનાના પ્રારંભની દ્રઢપ્રતીતિ કરાવે છે.[૨૬]

આજ વર્ષમાં નવેમ્બરની છઠ્ઠી તારીખે સરસ્વતીચન્દ્રનો ચોથો ભાગ વાંચવાની શરૂઆત કરતાં તેમણે આ પુસ્તક લાવી આપવા માટે શ્રી. રણછોડલાલ માસ્તરના આભારની પોતાની ડાયરીમાં નોંધ લીધી.[૨૭] સરભેજથી ૧૨મી નવેમ્બરના દિવસે જમીનના વહીવટ અંગેનો હિસાબ લેવા માટે ચિત્રાલ જવાનો કાર્યક્રમ તેમને રદ કરવો પડયો, કારણ કે એમના પિતાશ્રીની એકાએક તબિયત બગડી. તરત જ ધોળકાના શ્રી.દામોદરદાસના સ્નેહી ડૉ. બાંકે બિહારીને બોલાવવામાં આવ્યા. તા. ૨૯મીએ ડૉ. બાંકેબિહારી ખાસ ધોળકાથી પોતાના મિત્રની તબિયત જોવા માટે આવી પહોંચ્યા. ડૉ. બાંકે બિહારીએ નિદાનમાં ભૂલ કરેલી અને "જોન્ડીસ" ની દવા કરેલી અને ડીસેમ્બરના બીજા અઠવાડીઆમાં જયારે ડૉ. જોસેફ બેન્જામિનને કન્સલ્ટેશન માટે બોલાવ્યા ત્યારે એમણે નિદાન કર્યું કે એમને "એનિમિયા" નો વ્યાધિ લાગુ પડયો છે.

...........

[૨૬] જુઓ: "જૈન હિતેચ્છુ", વર્ષ ૧૯૦૩; "વૈશ્યપત્રિકા", વર્ષ ૧૯૦૩; "બુધ્ધિ પ્રકાશ" વર્ષ ૧૯૦૩ના અંકો.

[૨૭] 'સાગર'ની ડાયરી – અપ્રસિધ્ધ.

બ—ને ડોકટરોએ એમને વ્યાધિમુકત કરવા માટે એમના તમામ પ્રયત્નો આરંભી દીધા.[૨૮] આ જ માસની ત્રીસમી તારીખે શ્રી. જગન્નાથે પોતાની ડાયરીમાં એક પદ્ય નોંધ્યું.

કશું જગતમાં નથી સાચું
પિતા માતા બધું કાચું
સગાં-વહાલાં વિસારી દે
ખરે સંસાર સળગતી ચેહ.

તા૦ ૧ લી ડિસેમ્બરના દિને ગુજરાત કલબમાંથી શ્રી. લક્ષ્મીરામ નામે એમના પિતાના એક સ્નેહી મિત્ર એક રાત્રિ મળવા આવ્યા ત્યારે એમણે પોતાની ડાયરીમાં નોંધ્યું કે: Every વ્યકિત of Sarkhej including રાજેશ્રી Laxmiram is of different nature. વળી બીજે જ દિવસે પોતાની ડાયરીમાં આગળ નોંધે છે કે:

> He is going weaker day by day and there is no one here to ask advice with regard to his health.[29]

પોતાના જીવનના આદર્યાં અધૂરાં કાર્યો તથા ઘરની તમામ જવાબદારી શ્રી. જગન્નાથ ઉપર છોડી એકાએક ઇ.સ. ૧૯૦૩ના ડિસેમ્બરની સત્તરમી તારીખે સંવત ૧૯૬૦ના માર્ગશીર્ષ કૃષ્ણપક્ષ ચતુર્દશીને ગુરુવારે રાત્રે નવ વાગે શ્રી. દામોદરદાસે આ ક્ષણભંગુર જગતનો ત્યાગ કર્યો.[૩૦]

...........

[૨૮] એજન.

[૨૯] એજન.

[૩૦] એજન.

પિતાના મૃત્યુથી જગતની અસારતાનો પ્રત્યક્ષ અનુભવ થતાં શ્રી. જગન્નાથના મન ઉપર જબરા પ્રહારો થયા. અને બે વર્ષ પહેલાં હ્રુદયમાંથી જાગેલા ઉદ્ગાર ફરી જાગૃત થયા. જગતનો ત્યાગ કરવાની ભાવના તો દિલમાં ઘર કરીને બેઠી હોવા છતાં એમને તરત જ ગૃહસ્થજીવનનો પ્રારંભ કરવો પડ્યો, અને પોતાના પિતાની તમામ જવાબદારીઓ સ્વીકારવી પડી. પણ આ બનાવથી જીવનની ક્ષણભંગુરતા એમને પૂરેપૂરી લક્ષ્યમાં આવી. પોતાના પિતાના એક મિત્ર શ્રી. લલ્લુભાઇ બાપુરામને એમણે આ સંબંધી લખ્યું છે કે:

"સંસારમાં ઉદાસીનતા તો સૌથી પહેલી તમારા બાળકના ખ્યાલમાં એના સ્વર્ગવાસી પિતાના શરીરને મૃત્યુ પામતું જોઇને આવેલી. એ શરીર અને હ્રુદય બંને ખરેખર સુંદર હતા. અને એમાં રહેલો આત્મા જીવાત્મા નિસંદેહ કર્મયોગી જીવાત્મા હતો. એ શબનું દહન આ હાથે થયું ત્યારથી જ એણે જોઇ લીધું હતું કે આ પ્રમાણે એક વાર જરૂર જ ચાલ્યા જવાનું છે. તે પહેલાં કોઇ એવી તૈયારી કરવી જોઇએ કે શરીરધારણ સાર્થક થાય. ... ... આ બધી ફરજો કયારે પૂરી થાય અને મ્હારી ઝિન્દગાનીને હું કોઇ મહાન તૈયારીમાં હું કયારે મૂકું એવો મને વારંવાર જ વિચાર આવ્યા કરતો.[31]

એમના પિતાનાં જનસેવાનાં કાર્યોને "પિતૃવિરહ વિલાપ"[32] દ્વારા અંજલિ આપતાં શ્રી. જગન્નાથે પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે:
" જો કે હું હજુ તરુણાવસ્થામાં છું કેમકે મારું વય બાવીસ વર્ષથી વધારે નથી, તેથી મારા જેવા તરુણને આ સંસારમાં પ્રવેશ કરતાં પહેલાં જ આ ફટકો ઘણો સખ્ત લાગે એ સ્વાભાવિક છે. અને તે નિયમાનુસાર મારાથી અમુક

...........

31 "સાગર"ની પત્રરેખા", પૃ. ૫૨૩-૫૨૪

32 "સાગર"ની ડાયરી - અપ્રસિધ્ધ (ઈ.સ. ૬.૧૯માં આ કાવ્યનું શીર્ષક છે: "પિતૃવિરહ"

ગેય પંકિતઓ લખાઇ ગઇ છે. આ પંકિતઓ કાવ્ય છે, કવિતા છે કે પદ્ય છે એમ મારું માનવું નથી. કેમ કે ત્હેનો લખનાર નથી કવિ કે નથી ઉત્તમ Composer પણ એ પંકિતઓ ફકત હૃદયોદ્ગાર છે અને મનના સ્વાભાવિક વલણ પ્રમાણે ગદ્ય કરતાં ગેય લખાયું છે.[33]

કવિતાદેવી પ્રત્યે આવું માન ધરાવનાર અને સભાનતાપૂર્વક તેની આરાધના કરનાર આ યુવાન હૃદય માને છે કે, "લખનાર કેટલીક મુદતથી છૂટું છવાયું ગદ્ય-પદ્ય લખે છે. પ્રસિધ્ધિમાં મૂકે છે પણ તેથી તે લેખક કે કવિ હોવાનો દાવો કરી શકતો નથી!"[34]

પોતાના પિતાના મૃત્યુના બનાવે એમના હૃદય પર થયેલા પ્રત્યાઘાતોનું પદ્યમાં નિરૂપણ કરવા માટે કવિતાનો માધ્યમ તરીકે ઉપયોગ કરનાર શ્રી. જગન્નાથની કવિતાનાં વિષયનું બીજ – જગત પ્રત્યેની ઉદાસીનતા– જગતની અસારતા અને જગતનો ત્યાગ કરવાની ભાવના જ છે:

ન જોડાયો – ન જોડાવું, ન સંસારે ડગો માપું:
નરૂઢિને નમ્યું આપું: ભલે ગૃહ જંગલે સ્થાપું!

દી.સા.દ. ૧, પૃ. ૧

એમાં બીજા બે વિષયો ઉમેરાય છે. ગૃહસ્થજીવનના પ્રારંભમાં જ એમને પોતાની પત્ની સાથે વિચારોમાં મતભેદ પડતાં લગ્નજીવનમાં અસંતોષ ફેલાયો. બાળલગ્નને કારણે જ એમને આ સહન કરવું પડયું છે એ ખ્યાલ સહજ જ આવતાં "પડઘમ" કાવ્ય દ્વારા એમણે રૂઢિપૂજકોને બાળલગ્નનો પોતાનો વિરોધ નોંધાવતાં સખત શબ્દોમાં ટીકા કરતાં જાહેર કર્યું કે:

...........

[33]એજન.

[34]એજન.

ઓ લોક રે સંસારના! ડહાપણ તમારું દાટજો!
વ્યવહારની હુશિયારીની ફિશિયારીને કરજો ફના!

દીવાને સાગર - ૧-પૃ. ૨૮, "[illegible]"

સ્વભાવ અને વિચારોની બાબતમાં પોતાની પત્ની સાથેની એકતાના અભાવને કારણે લગ્નજીવનની નિષ્ફળતાનો પ્રત્યક્ષ અનુભવ થતાં એમના હ્રદયમાં જગત પ્રત્યેના વિરાગની ભાવના વધુ દૃઢ થતાં પરમાત્માનું એકમાત્ર શરણ સ્વીકારતાં આ યુવાન હ્રદય પુકારી ઉઠ્યું:

ભક્તિ કરું ભગવાન! ભાવે ભક્તિ કરું ભગવાન!
નીતિ વિના નહીં મુક્તિ કદાપિ! નીતિ એ મારું નિશાન.

દીવાને સાગર - ૧, પૃ. ૨૧.

ઇ.સ. ૧૯૦૪ના ફેબ્રુઆરીની ચોથી તારીખે લખેલી એમની નોંધ આ પ્રમાણે છે :

Got myself much puzzled to day owing to the ideas of my present circumstances.[35]
એમના મિત્ર શ્રી. પ્રાણશંકર દલસુખરામને ત્યાં જ્ઞાતિભોજન પ્રસંગે સહકુટુંબ આમંત્રણ છતાં પોતે જવાનું પસંદ કર્યું નહીં. પોતે પોતાને જીવનમાં આચરવા માટે કેટલાક નિયમો ઘડી કાઢ્યા. આ લગભગ સો નિયમોની આગળ પોતે નિયમોની મહત્તા સમજાવતાં નીચે પ્રમાણે લખ્યું છે:

...........

[35] એજન.

"આ ક્ષણિક જગતમાં મનુષ્ય જેવા ઉચ્ચ પ્રાણીની યોનિમાં જીવનો જન્મ ખરે દુર્લભ છે. પરમાત્માની પૂર્ણ કૃપાથી મનુષ્ય જાતિમાં જન્મ થાય છે. બાલ્યકાળ પછી યૌવનમાં વ્યવહારાધીન થવાની ફરજ પડતાં, મુખ્ય કર્તવ્યનું વિસ્મરણ થાય છે, અને તેથી આ વ્યવહારજીવનમાં નિયમિત અને મુખ્ય કર્તવ્યથી વિમુખ ન થતાં કર્તવ્યમાં ટકી ઉપયોગી થવાય એમ થવાને અમુક નિયમો પ્રમાણે ચાલવું જરૂરનું છે. મનુષ્ય પ્રાણી અન્ય ક્ષુદ્ર પ્રાણીની પેઠે પોતાની વૃત્તિઓ નિરંકુશપણે પ્રેરે અને વિના નિયમે ચાલે એ કોઈપણ પ્રકારે હું ઈષ્ટ માનતો નથી. એટલા માટે મારા પોતાના વિચાર પ્રમાણે કેટલાક નિયમો ઉચિત ધારું છું.[૩૬]

આમ, સભાનપણે શ્રી. જગન્નાથે પોતાના વિચારો અને આચરણમાં પરમાત્માની પ્રાપ્તિ માટેનો માર્ગ શોધવા માટેના અને પ્રભુકૃપાની યાચનાના પ્રયત્નો આ વર્ષના પ્રારંભમાં જ આરંભી દીધા. ઈ.સ. ૧૯૦૪ ના માર્ચની બારમી તારીખે એમણે "જીવનમાં નહિ બનવા જોઈતા બનાવને બનવા દીધો, ભૂલ કરી" પોતે ડાયરીમાં નોંધ્યું છે કે:

"એ દિવસે મેં રાત્રે "હરિશ્ચન્દ્ર"નું નાટક જોયું. પરંતુ પશ્ચાત એવા સુવિચારની દુર્લભ પ્રાપ્તિ થઈ, કે હરિશ્ચન્દ્ર જેવા રાજાએ, જે રાજાઓ વિશેષતઃ રાજ્યાધિકાર, લક્ષ્મીમદમાં છકેલ, ધનાંધ હોય એમ માન્યતા છે, તેવા રાજાઓમાંનો એક હરિશ્ચન્દ્ર - તેણે નીતિ, સદ્વર્તન અને કર્તવ્ય પરાયણતા તથા સત્યના પ્રતિપાલનાર્થ ટેકી અને નેકી રાખી, વચનાનુસાર વર્તીને પોતાના દેવાથી મુક્ત થવા માટે પોતાની પત્નીનો - પોતાના પુત્રનો - અને પોતાની જિંદગીનો અને દેહનો પણ છેવટે વિક્રય કર્યો!! [૩૭].

...........

[૩૬] એજન - નિયમો માટે જુઓ પરિશિષ્ટ ૩.

૩૭ એજન.

હરિશ્ચન્દ્ર નાટક જોયા પછી એમના ચિત્તતંત્ર ઉપર પણ શ્રી. ગાંધીજીની માફક થયેલી ચિરંતન અસર અને તે ઉપર તેમણે પ્રાપ્ત કરેલો બોધ તેમણે આ રીતે ડાયરીમાં નોંધ્યો છે.

"કહેણી કરતાં કરણી બહુ દુસ્તર છે. આ જગતની મ્હોટાઇ કે છોટાઇ સદન્તરની નથી. આ લોક કરતાં પરલોકની ભીતિ વધારે રાખવાની છે. જે જગતનો વ્યવહાર કેવળ રાત્રિના સ્વપ્ન જેવો જ છે તે જગતમાં સત્ય અને ટેકીને નેકીએ ચાલતાં ઋણમુકત થવામાં – પોતાના સર્વસ્વનો વિક્રય કરવો પડે – પોતે અતિદીન થવું પડે – અને ક્ષણધ્વંસી જગતમાં કદાપિ પ્રતિષ્ઠાવાન થવાનો સંયોગ ચૂકવો પડે અને કદાપિ નિન્દાપાત્ર થવું પડે તો પણ તેવી કર્તવ્યપરાયણતા – ઇષ્ટ ધર્મરૂપ કર્તવ્યની સિધ્ધિ કરવી એ મનુષ્યની પોતાની ખરેખરી ફરજ અદા કરવામાં શું વિશેષ છે? ખરેખર દેહને દુ:ખ છતાં હૃદયની શાંતિ અને આનન્દ તો ત્હેમાં જ હોય! "

(રા.સા. કમળાશંકર ત્રિવેદી લખે છે કે "વિદ્યા કરતાં સદવર્તનને અમે વધારે માનનીય ગણીએ છીએ".

એ અક્ષરશ: સત્ય છે અને આ લોકના ઐહિક સુખભોગ અને પરલોકની જવાબદારીની બીક એ ઉભયની યથાર્થ તુલના કરીને લખાયેલું છે એમ હું આજે બરાબર સમજયો. ધન્ય કમળાશંકર! ધન્ય. દેશની ઉન્નતિ કે અવનતિ એનું અવલંબન દેશજનોના વર્તન પર રહે છે અને દેશજનોનું વર્તન નીતિમાર્ગે થવાને નાનાં બાળકો કે જે ભવિષ્યના મહાન દેશજનો થવાની આશા આપે છે, તેમની કેળવણી ઉપર આધાર રાખે છે. તેમને કેળવણી આપનાર શિક્ષકોમાં જ વિશુધ્ધ વર્તનની પ્રેરણા કરવાનો અતિપ્રયાસ એ સ્વદેશાભિમાન અને દેશદાઝને લીધે સયુકિતક શુભ આરંભ છે. પરમેશ્વર તેમાં સત્પુરુષોને વિજય આપે. "સદ્વર્તન શ્રેષ્ઠ છે" આ લોક કરતાં

પરલોકની બીક વધારે રાખવી એ જ સાર".[38]

શ્રી. જગન્નાથ "ગુજરાતી" પત્રના ગ્રાહક હતા તે ઉપરાન્ત આ વર્ષમાં "મહાકાળ" અને "પ્રાત:કાળ"ના લેખો અને ધાર્મિક ચર્ચાઓ એ ખૂબ રસપૂર્વક વાંચતા! "શ્રેયસ્સાધક અધિકારીવર્ગ" પ્રત્યેનું એમનું આકર્ષણ વધતાં "શરીરપ્રારણ સાર્થક કરવા" વડોદરા આવીને આ વર્ગની તેમણે દીક્ષા લીધી.[39] પણ ચિત્તને શાંતિ મળી નહીં. પરિણામે એમણે શ્રેયસ્સાધક અધિકારીવર્ગ સાથેના પોતાના સંબંધનો ત્યાગ કર્યો. તે સમયની પોતાના ચિત્તની આવી સ્થિતિનું નિરૂપણ કરતાં "ખરેખર ભૂલ એ મ્હારી" કાવ્યમાં એ સ્વીકારે છે.

જીવનમાં ઝેર ભેળાયું! અભાગી તો ય જીવું છું.
તજાતું ના! મરાતું ના! ખરેખર ભૂલ એ મ્હારી.

o o o

ભૂલો હું આ પિછાનું છું! છતાં આ આલમે રહું છું!
જતો નથી જંગલે ચાલ્યો! ખરેખર ભૂલ એ મ્હારી!

'દીવાને સાગર' દ.૧, પૃ. ૨૫

ઇ.સ. ૧૯૦૪ માં હૃદયની આવી ડોલાયમાન સ્થિતિમાં સરખેજમાં સ્વામી સ્વયંપ્રકાશજી નામે એક સન્તપુરુષનો થોડાક મહિના

...........

[38] એજન,

[39] "સાગર" જીવન અને કવન" પૃ. ૪૬૩, તેમજ "સાગર" ની જીવનનોંધ.

સહવાસ પ્રાપ્ત થતાં હૃદયમાં રહેલા જગતત્યાગના વિચારને ફરીથી પોષણ મળ્યું. આ યુવાન હૃદયના આન્તરજીવનની પાત્રતા નિહાળી સ્વામી શ્રી. સ્વયંપ્રકાશજીએ અમદાવાદના વેદાન્તી કવિ શ્રી. અખાજીની પ્રધાન કૃતિઓ – 'ગુરુશિષ્ય સંવાદ', 'પંચીકરણ', 'અનુભવબિન્દુ' અને 'અખેગીતા'નો, સંતસેવાના ફળરૂપે, પ્રસન્ન થઇ, અભ્યાસ કરાવ્યો.[40] થોડાક માસ પૂર્વે જ જાગેલી તમન્ના ફળીભૂત થતાં વાર ન લાગી. એ આશ્ચર્યકારક ઘટના નહીં તો બીજું શું! ઇ.સ. ૧૯૦૩ માં જ ચિન્નાલ(તા: પાદરા)ની પાસે આવેલા કહાનવા ગામ પાસે આવેલી શ્રી. અખાજીની શિષ્યપ્રણાલિકાની ગાદી – કહાનવા બંગલો નામે ઓળખાતા સ્થળના, શ્રી. અખાજીની 'શિષ્ય પ્રણાલિકાના' છેલ્લા સંત શ્રી. ભગવાનજી મહારાજ સાથે શ્રી. જગન્નાથને પરિચય થયેલો અને એમના દ્દારા જ શ્રી. અખાજીની વેદાન્ત તત્ત્વજ્ઞાનની કૃતિઓનો અભ્યાસ કરવાની પ્રબળ ઇચ્છા એમના હૃદયમાં થોડાક માસ પૂર્વે જ જાગી હતી.[41] સ્વામી શ્રી. સ્વયંપ્રકાશજી દ્દારા પરમાત્મપ્રાપ્તિ માટે એકાન્ત-સેવનની અને ચિત્તશુધ્ધિની તથા સદ્દગુરુની આવશ્યકતા તે સમજી શકયા અને એટલે જ એક પત્રમાં તેમણે જણાવ્યું છે કે તે પ્રમાણે "પોતાની જવાબદારીઓ કયારે પૂર્ણ થાય અને પોતાની જિન્દગાનીને કોઇ મહાન તૈયારીમાં કયારે મૂકે તેની જ તે રાહ જોવા લાગ્યા.[42]

પોતાના જીવનની દિનચર્યાનું બારીક અવલોકન એમણે હવે ચિત્તશુધ્ધિ માટે આવશ્યક માન્યું અને પોતાના આંતર અવલોકન માટે પાપની પોથી રચવાનું અને એમાં "જન્મ્યો ત્યારથી આજ સુધીમાં જે પાપ કર્યાં તે તે સંભારીને લખવાનું" ફેબ્રુઆરીની છવ્વીસમીની દૈનિક નોંધમાં દર્શાવ્યું છે

...........

[40] એજન, પૃ. ૧૧૧

[41] 'સાગર' ની ડાયરી અપ્રસિધ્ધ ડાયરી

[42] 'સાગર' ની પત્રરેખા' પૃ. ૫૨૪

તે પ્રમાણે એમણે ઉચિત માન્યું.[૪૩] વળી અપ્રામાણિક કૃત્ય, કુતર્ક, વ્યભિચાર દ્વારા પાપનું પૃથકકરણ કરતાં તા. ઓગણત્રીસમી જુલાઇના દિવસે [illegible] પોતાના હૃદયનું અવલોકન કરતાં આ યુવાન હૃદયે સ્વીકાર્યું કે:
"પાપની પોથીની જરૂર તો છે જ પણ આ વિષમ વ્યવહારોની વિકટ જાળમાં ફસેલાને માટે તે કઠણ છે. રાખવી જરૂરની જાણવા છતાં નથી રખાતી એ જ પાપવૃત્તિને અધીન રહેવાનું મનનું દૌર્બલ્ય છે. વિપરીત"[૪૪]
વળી, બે માસ પછી પાપની પોથી બાબત પોતે જ આત્મવિશ્લેષણ કરતાં ફરી નોંધ્યું છે: " તા: ૨૧.૯.૦૪ – આજે વળી મન બદલાયું. વૃત્તિ વિકારી છે એમ સ્પષ્ટ લાગે છે. પાપની પોથી રાખવાની જરૂર છે એ હું માનું છું, પણ રાખી શકાય નહીં. રાખવી પાલવે નહીં – કારણ ઘણાં છે – મતલબ તો એ જ છે ને કે પાપ ઓછાં થાય, તો પછી પોથી શું કરવાની! સમજીને પાપ ઓછાં કરવાં એ જ કર્તવ્ય.[૪૫]

ઇ.સ. ૧૯૦૪ ના વર્ષમાં રચાયેલાં 'શાશ્વતી શાન્તિ આપો' કાવ્યમાં પોતાની અનુચિત પ્રવૃત્તિઓ દ્વારા અત્યાર સુધીનો સમય મિથ્યા ગુમાવ્યો, તેનો શોક વ્યકત કરતાં પોતાના પાપની ક્ષમા માંગી પરમાત્મકૃપાની એમણે યાચના કરી છે:

થાકેલો હું શરણ ગ્રહીને માગું પાપક્ષમાઓ!
યાચું છું હું સરળ હૃદયે શાશ્વતી શાન્તિ આપો!

'દીવાને સાગર' ઠ. ૧ પૃ. ૨૩

...........

[૪૩] "સાગર" ની ડાયરી અપ્રસિધ્ધ ડાયરી

[૪૪] એજન,

[૪૫] એજન,

'હમારી પરેશાની' કાવ્યમાં આ યુવાન હૃદયે લગ્નજીવનનો અસંતોષ અને પ્રણયની નિરાશા ગાતાં ગાતાં સ્પષ્ટ જાહેર કર્યું કે:

જવાંમર્દી હમારી સૌ ખતમ થઇ ગઇ જુવાનીમાં,
ગમીમાં જિંદગી જાશે! છતાં એ વાત કહેશો ના!
હવે આ ઝિંદગી જહન્નમ! અરે. હમને થ હો લ્યાનત!
હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના!

'દીવાને સાગર' દ.૧, પૃ. ૨૬

પ્રણયમાં નિરાશા પ્રાપ્ત થયા છતાં પોતાના ગૃહસ્થજીવનની જવાબદારીઓ અદા કર્યે જતા આ યુવાન હૃદયે વ્યવહારની રૂઢિ સામે બળવો પોકારતાં 'પોતાની લહેરમાં' મહબૂબના મિસ્કીન અને ફિદવી બની સ્પષ્ટ જાહેર કર્યું કે:

સંસાર ને વ્યવહારને દોઝખ મહીં ફેંકી દીધા!
વ્હાલા બહુ જો હોય તો, જાતે ત્હમે સંભાળજો!

o o o

દાનત અમારી સાફ છે! નીતિ હમારી પાક છે!
મૌલા હમારો નેક છે, તો બીક શી વ્યવહારની?

'દીવાને સાગર' દ.૧, પૃ. ૨૭

'હમારી પરેશાની' માં પ્રણયનિરાશા – લગ્નનો અસંતોષ હોવાને કારણે આંસુ સારતા યુવાન શ્રી. જગન્નાથનું હૃદય પોતાનો અનુભવ આ રીતે વ્યક્ત કરે છે:

દિલબર પરેશાની હમારી! ને હમે એના થયા!
માનીએ રાહત હંમેશા! એ નવી તાસીર છે!

થા.હ. 'દીવાને સાગર' દ.૧ પૃ. ૨૭

આ યુવાનની સ્નેહદૃષ્ટિ પોતાની પ્રણયનિરાશામાં આ રીતે રાહત અનુભવે છે. કવિહૃદયનો પ્રેમ જાણે અજાણે અન્ય પ્રવાહ શોધી આગળ ગતિ કરે છે.

'સરસ્વતીચન્દ્ર', 'ગુલાબસિંહ' અને 'સ્નેહમુદ્રાનો' માત્ર સોળ વર્ષે અભ્યાસ કરનાર યુવાને અઢારમા વર્ષે તો જગત, વ્યવહારનો કશો ડર ન રાખતાં "લલાટે લખાવેલું" અજમાવવા દૃઢ નિર્ધાર કર્યો, સ્વમાન ઘવાતાં અભ્યાસનો અને નોકરીનો પણ ત્યાગ કર્યો. ત્યાં જ પિતાનું શિરછત્ર એકાએક અદૃશ્ય થતાં એ યુવાન હૃદયમાં જગત પ્રત્યે ઉદાસીનતા પ્રગટી પરન્તુ પોતાના ઉપર આવી પડેલી જવાબદારીઓ અદા કરવા માટે એમને ફરજિયાત ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરવો પડયો. ત્યાં તો પોતાની પત્ની સાથે વિચારો ને સ્વભાવની બાબતમાં મતભેદ પડતાં લગ્નજીવનની કરુણતા સર્જાઇ. સંભવિત છે કે શ્રી. મણિલાલ દ્વિવેદી અને શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથાએ એમના ચિત્તમાં "સ્નેહના આદર્શનું ઘટ્ટ સ્વરૂપ પ્રગટતાં એ સ્નેહના આદર્શને અનુરૂપ હૃદય પ્રાપ્ત થતાં એમના હૃદયમાં સર્વસ્વ અર્પણ કરવાની વૃત્તિ જાગી હોય. શ્રી. જગન્નાથની પ્રથમ ગ્રન્થસ્થ કૃતિ "થાકેલું હૃદય" આપણને આવું અનુમાન કરવા પ્રેરે છે.

ઇ.સ. ૧૯૦૪ ની આખરે "થાકેલું હૃદય" નામક કથા કાવ્ય લખવાનો શ્રી. જગન્નાથે પ્રારંભ કર્યો. "આ કાવ્યચિત્ર "અમુક પ્રકારના સંજોગોમાં આલેખાયેલું."[૪૬] એમણે પોતે આ કથાકાવ્યના પ્રકાશન સમયે ઇ.સ. ૧૯૦૯માં આ ગ્રન્થની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ:

.......

[૪૬] "થાકેલું હૃદય"ની પ્રસ્તાવના, પૃ. ૧૭

"જે છે તે છે દુ:ખી હૃદયના ઉભરા ઠાલવેલાં" આ કથાકાવ્યનું શીર્ષક છે "થાકેલું હૃદય". આ શીર્ષક પણ વસ્તુનું અપરોક્ષ સૂચન કરે છે આ કથાકાવ્યની વસ્તુ માટે કવિએ પોતે કહ્યું છે કે:

આલેખ્યું છે અસલ પરથી ચિત્ર કો માનવીના,
થાકેલાના "હૃદય" તણું એ કોઇ સ્વાનુભવીના,
જે જોવાયું સહૃદય તણાં હૃત્સરે ચિત્ર ઝાંખું,
પાડી લીધું કંઇ કંઇ અહીં આ પ્રતિબિમ્બ ત્હેનું.

"થાકેલું હૃદય" પૃ. ૩૪

"થાકેલું હૃદય"ની કથા આ પ્રમાણે છે: રૂઢિના ત્રાસથી દુ:ખી થયેલો યુવક વિરક્ત બની વનમાં ચાલ્યો જાય છે. એને ત્યાં એવી જ દુ:ખી અને કુરૂઢિનો ભોગ બનેલી આપઘાત કરવા જતી યુવતી મળે છે. બંને સમદુ:ખી પોતાની કથા ~~અરસ પરસ~~ પરસ્પર કહે છે. "થાકેલું હૃદય" ની આ કથા કવિના પોતાના સ્વાનુભવ વડે અસલ પરથી કવિએ આલેખી છે એમ તેમણે પ્રસ્તાવનામાં કબૂલ્યું છે. આ કથાનાયકના ચિત્તની સ્થિતિ જેવી જ આ કવિહૃદયના ચિત્તની સ્થિતિ પણ હતી. બાળલગ્નને કારણે પોતાના સ્વભાવને અનુકૂળ પાત્ર ન મળતાં પ્રણયજીવનનો આનંદ એમને પ્રાપ્ત થયો નહોતો અને એમને જગત પ્રત્યે વિરાગના ~~એમને ઉદ્ભવ~~ વિચારો આવતા. ~~આટલી~~ કવિના પોતાના જીવનની આટલી સત્ય હકીકતનો દોર "થાકેલું હૃદય" ની કથામાં કવિએ કલ્પના દ્વારા આગળ ચલાવ્યો છે. આ પરિણીત જીવનથી કંટાળેલો-હારેલો યુવાન ફકીરી-શાન્ત — સંન્યાસ ધારણ કરી ભ્રમણ કરતો અરણ્યમાં આવી ચડે છે અને અરણ્યમાં જ આપઘાત કરવાનો પ્રયત્ન કરવા જતી એના જેવી જ સમદુ:ખી યુવાન સ્ત્રી સાથે એનું મિલન થાય છે. જંગલમાં વસતા એક ઋષિ બંનેને "અમરાત્મલગ્ન" થી જોડે છે. કથાનાયક દ્વારા કવિહૃદય, પોતાનો આત્મલગ્નનો જીવનઆદર્શ આ રીતે રજૂ કરે છે:

જો હોય સ્થૂલ શરીરોની કરી ઉપેક્ષા
ને સત્ય પ્રેમ પ્રભુદર્શનની અપેક્ષા,
તે શુધ્ધ હૈયું પ્રિયના હૃદયે નિમગ્ન!
તો, આપણું જ પ્રિય આ અમરાત્મલગ્ન!

"થાકેલું હૃદય" પૃ. ૧૦૦

કવિને પોતાના વાસ્તવિક જીવનમાં પણ કોઇ સમદુ:ખી સ્ત્રી હૃદય પ્રાપ્ત થયું હોય અને બંને કવિના આત્મલગ્નના જીવન આદર્શ પ્રમાણે આત્મલગ્નથી જોડાયાં હોય એવું અનુમાન સહજ રીતે કરવા "થાકેલું હૃદય" આપણને પ્રેરે છે. "થાકેલું હૃદય" માં પોતાના થાકેલા હૃદયની જ છબિ જાણે શ્રી. જગન્નાથ રજૂ કરતા ન હોય!

આજ વર્ષે શ્રી. રમણભાઇ નીલકંઠના પ્રત્યક્ષ પરિચયમાં શ્રી. જગન્નાથ આવતાં "થાકેલું હૃદય" જ્ઞાનસુધામાં પ્રગટ કરવા મોકલવા માટેની સૂચના શ્રી. રમણભાઇએ આપી. પરિણામે ઇ.સ. ૧૯૦૮ માં આ આખું કાવ્ય જ્ઞાનસુધામાં છપાયું. અને ઇ.સ. ૧૯૦૯ માં "~~થાકેલું હૃદય~~" એમના લઘુબંધુ શ્રી. મણિભાઇએ રસપૂર્વક જહેમત લઇ પુસ્તકાકારે પ્રગટ કર્યું.

ઇ.સ. ૧૯૦૫ ના માર્ચ માસમાં શ્રી. મણિશંકર રત્નજી ભટ્ટ "કાન્ત"–ને "કલાપીનો કેકારવ" વેચાતો મોકલવા માટે શ્રી. જગન્નાથે પત્ર લખ્યો. 'કાન્તે' માર્ચની ઓગણીસમી તારીખે એનો પ્રત્યુત્તર આપ્યો અને "કલાપી નો કેકારવ" મોકલી આપ્યો. તે દિનથી બંને વચ્ચે મૈત્રીનો પ્રારંભ થયો.[47]

"થાકેલું હૃદય" માં પોતાના ચિત્તની સ્થિતિનું આલેખન કરવાનો પ્રારંભ આ યુવાન હૃદયે કર્યો તે સમયે 'કાન્ત' દ્વારા મોકલાયેલો કેકારવ વાંચતા

............

[47] "કાન્ત" નો "સાગર" પરનો પત્ર- અપ્રસિધ્ધ. પત્ર

આ યુવાનના ઊર્મિપ્રધાન હૃદયને કલાપીની દર્દભરી ગઝલોએ ખૂબજ આકર્ષ્યા. એમના હૃદયના વૈરાગ્યને કાયમનો રંગ આપવામાં "કેકારવ" ખૂબ મદદકર્તા નીવડયો. "કલાપી"ના "કેકારવે" એમને જગતના સર્વ મહાન પ્રેમચિંતકોનો અભ્યાસ કરવાની પણ પ્રેરણા આપી. પરિણામે ઇ.સ. ૧૯૦૫ ના પ્રારંભમાં જ એમણે પોતાની ડાયરીમાં નોંધ્યું કે "Should I allow કલાપી to be my ગુરૂ and કેકારવ to be my teacher ? [48]

"કલાપીના કેકારવે" એમના ડોલાયમાન ચિત્તતંત્રને સાચો રાહ દર્શાવવામાં અત્યંન્ત મદદ કરી. પરિણામે "કલાપી" ના સર્વ સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરવાનું એમણે મનોમન નક્કી કર્યું, એટલું જ નહીં પણ એમના સૂક્ષ્મ સ્વરૂપનો પોતાના ગુરૂ તરીકે સ્વીકાર કર્યો: માત્ર છવ્વીસ વર્ષે જ ઇ.સ. ૧૯૦૦ માં વિદેહ થયેલા "કલાપી" સાથે કોઇ પ્રત્યક્ષ સંબંધ ન હોવા છતાં અને પરોક્ષ રીતે માત્ર "કલાપીના કેકારવ" ના વાંચન દ્વારા જ એમનો પરિચય થયો હોવા છતાં પોતાના ગુરુ તરીકે એમને સ્વીકારવાનું આ યુવાન હૃદય નક્કી કરે તેની પાછળનું કારણ પણ બહુ સ્પષ્ટ છે. આપણે જોઇ ગયા કે આ યુવાન હૃદયને લગ્નજીવનથી સંતોષ ન હતો. પોતાના સ્વભાવ તથા વિચારને અનુકૂળ પાત્ર એમને મળ્યું ન હતું. પિતાનું મૃત્યુ અને પ્રણયમાં નિરાશા પ્રાપ્ત થતાં જગતના ત્યાગની પ્રબળ ભાવનાવાળા આ યુવાન હૃદયને આ સમયે "કલાપીના કેકારવે" માનસિક રીતે ખૂબ શાન્તિ આપી, સૂફીવાદનો માર્ગ ગ્રહણ કરવા પ્રેરણા આપી હોય તેમ લાગે છે. સ્નેહયોગનાં ગહનસૂત્રો પોતાની સૂફીવાદની ગઝલો દ્વારા "કલાપી" એ આપ્યાં છે એ સ્પષ્ટ જોઇ શકાતાં પોતાના તે સમયના માનસને યોગ્ય સલાહ - પ્રેરણા પરોક્ષ

...........

૪૮ "સાગર" ની ડાયરી - અપ્રસિધ્ધ. ડાયરી

રીતે પણ જીવનમાં રહેનાર અને સૂફીવાદનો માર્ગ ચીંધનાર "કલાપી"ને એમણે "સ્નેહયોગી" તરીકે અને કેકારવને "સ્નેહગીતા" તરીકે પિછાન્યાં, અને એટલે જ કલાપીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યાના ઉલ્લેખો તેમણે અનેક કાવ્યોમાં તેમ જ પત્રોમાં પણ કર્યા છે.[૪૯]

આ જ વર્ષે એમના જીવનમાં બનેલો એક મહત્વનો બનાવ તે એમના પિતામહનો અચાનક દેહાન્ત. તા: ૧૨ મી ડિસેમ્બરના દિને એકાએક શ્રી. દામોદરદાસ પાછળ એમના પિતા શ્રી. રણછોડદાસે પણ આ જગતની વિદાય લીધી. દાદાના મૃત્યુ પ્રસંગે ગંભીરતાથી આ યુવાન દુ:ખી હૃદયે પોતાની નોંધપોથીમાં નોંધ્યું કે:

> પિતાના મૃત્યુને ટાણે – રહું છું ના! હસું હું ના! –
> અતિ ગંભીર એ ટાણું, પરીક્ષણનું ભલું લ્હાણું.[૫૦]

પિતામહની ઉત્તરક્રિયા પૂરી થયા પછી પોતાના હવે પછીના કર્તવ્ય વિષે એમને આવેલા વિચારો પોતાની ડાયરીમાં નોંધતાં એમણે આ પ્રમાણે વિચાર્યું કે:


"દાદાની ઉત્તરક્રિયા પૂરી થઇ. હવે હું નિવૃત્ત થયો." [૫૧]

............

[૪૯] "સાગર"ની પત્રરેખા", પૃ. પ૨૭, "દીવાને સાગર" ૧, પૃ. ૬૭ ૧૦૦, ૧૩૩ થી ૧૪૬, ૧૫૯ થી ૧૬૦ "દીવાને સાગર" ૨ પૃ. ૧૧૦, ૧૨૪, ૧૮૭

[૫૦] "સાગર"ની ડાયરી – (અપ્રસિધ્ધ)

[૫૧] એજન,




"નિવૃત્તિ એ જ ખરી પ્રવૃત્તિ છે અને જે પ્રવૃત્તિ મનાય છે તે ખરેખરી મલિનતા છે. અધઃપતનમાં પડયા રહેવું – વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થવું. પાકા–ચુસ્ત વ્યાવહારિક થવું – રહેવું – દેહને પ્રવૃત્તિના કચરાથી ખરડાયેલો – ગંદો રાખવો"[૫૩]

પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચેનો ભેદ આ રીતે આપતાં તે સ્પષ્ટ કહે છે કે:

...........

[૫૨]એજન.

[૫૩]એજન.

નિવૃત્તિ ——— મસ્તી ——— મલિનતાથી વિમુક્ત

સત્સંગ

સારું વાંચન

મનન | નિદિધ્યાસન

ધ્યાન ધારણા

ઊર્ધ્વગમનના પ્રયત્નો

સફળતા

૨૬:૧૨:૦૫

"હું ફરીથી લગ્ન કરી શકું. ... ... ... ઇચ્છાને આધીન થઇ, તૃપ્ત થઇને પછી ભોગથી વિમુક્ત થવું.–[૫૪]

રાગ — ઇચ્છા — આસક્તિ

વિરાગ — મનોનિગ્રહ — ઇચ્છાનો નાશ — ઇચ્છાઓને તાબે કરવી

શું ઉત્તમ છે? હું શું કરી શકું. મારો અધિકાર કેટલો છે?[૫૫]

પિતાનો અકાલ દેહાન્ત થતાં ઇ.સ. ૧૯૦૧ – ઇ.સ. ૧૯૦૫ ના ચાર વર્ષ દરમિયાન શ્રી. જગન્નાથના હૃદયમાં પ્રગટેલી વૈરાગ્યની ભાવનાએ કેવું સ્વરૂપ પ્રાપ્ત કર્યું તે આપણે અપ્રસિધ્ધ ડાયરી અને તેમનાં કાવ્યોના અવતરણો પરથી વિગતે જોઇ ગયા.

...........

[૫૪] એજન.

[૫૫] એજન.

એમના પિતાશ્રી દામોદરદાસે પોતાના જીવન દ્વારા કર્તવ્યના સાક્ષાત્ પરિચયથી દર્શાવેલો જનસેવાનો માર્ગ - "કલાપીના કેકારવે" દર્શાવેલો સૂફીવાદનો ફકીરી રાહ અને અત્યાર સુધીની એમના હૃદયની પ્રબળ ઊર્મિને સ્વભાવબળે ટકી રહેલી સાહિત્યપ્રવૃત્તિ. આ ત્રણમાંથી કોને પ્રાધાન્ય આપવું અને પોતાને મળેલી પ્રણયનિરાશામાંથી ચિરંતન આનંદની પ્રાપ્તિ દ્વારા હૃદયને કઈ રીતે શાન્તિ પ્રાપ્ત થઇ શકે એના વિચારો આ યુવાન હૃદયને પ્રતિક્ષણ સતાવતા. પણ તેનો ચોકકસ નિર્ણય તે કરી શકયા નહીં. આમ, બાવીસ વર્ષના આ યુવાનનું હૃદય ભરયુવાનીમાં રાગ અને વિરાગ, પ્રવૃત્તિ અને નિવૃત્તિની વચ્ચે "કલાપી"ની માફક ઝોલા ખાતું હતું.

.......